પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૩૩ | ૫ નવેમ્બર, ૨૦૧૯, મંગળવાર; કારતક સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દિલ્હીમાં સ્થિતિ જીવવા લાયક નથી : સુપ્રીમ

## દિલ્હીમાં પ્રદૂષણ મામલે તમામને સુપ્રીમની ફટકાર : પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તરપ્રદેશ સહિતની સરકારને પણ ફટકાર લગાવી ખેતરોમાં ખેત સંબંધિત કચરાને સળગાવવાના મુદ્દે પણ સુપ્રીમની લાલઆંખ

નવીદિલ્હી, તા. ૪ દિલ્હી-એનસીઆરના ગેસ ચેમ્બરમાં ફેરવાઈ જવાને લઈને સુપ્રીમ કોર્ટે આજે લાલઆંખ કરી હતી. સાથે સાથે રાજ્ય અને કેન્દ્ર સરકારને ખુબ કઠોર ફટકાર લગાવી હતી. દેશની સુપ્રીમ કોર્ટે આને જીવવાના અધિકારના ભંગ તરીકે ગણાવીને ફટકાર લગાવી હતી. કોર્ટે કેન્દ્ર અને દિલ્હી સરકારને પ્રશ્ન કર્યો હતો કે, આખરે તમે હવાઈ પ્રદૂષણને દૂર કરવા અને પવનને વધુ ગુણવત્તાયુક્ત ફરી બનાવવા કયા પગલા લેવામાં આવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૩ પર



- સુપ્રિમે કેન્દ્ર-રાજ્ય સરકારને ફટકાર લગાવતા કહ્યું તમને ફક્ત ચૂંટણીમાં જ રસ છે
- લોકોને જીવવાનો અધિકાર છે, એક ભૂકો સળગાવે છે અને બીજાના જીવનના અધિકારનું ઉલ્લંઘન કરે છે
- સુપ્રિમે કેજરી સરકારને પૂછ્યું ૩૦૦૦ બસોનું શું થયું, ઓડ-ઈવનથી શું ફાયદો થયો? દિલ્હીમાં લોકો ઘરમાં પણ સુરક્ષિત નથી
- કેન્દ્ર-દિલ્હી સરકાર વચ્ચે આરોપ-પ્રત્યારોપ ક્યાં સુધી : સુપ્રીમ કોર્ટ
- સુપ્રિમે દિલ્હી પ્રદૂષણ મામલે પંજાબ-હરિયાણા સરકારને પૂછ્યું અત્યાર સુધી તેમણે ગ્રામ પ્રધાન-સરપંચોની સામે કોઇ એક્શન કેમ નથી લીધી?



# દિલ્હીના પ્રદૂષણ મુદ્દે કેજરીવાલ-જાવડેકર આમને-સામને

## અમે લોકોને જાગૃત કર્યા, શું અમારે આ નહોતું કરવાનું ? : કેજરીવાલ

ન્યુ દિલ્હી,તા.૪

આખા ઉત્તર ભારતમાં અત્યારે પ્રદૂષણ એક મહત્વનો મુદ્દો બનેલો છે. ખાસકરીને દિલ્હી-એનસીઆરમાં જ્યાં ઝેરી હવાનું પ્રમાણ સતત ચાલુ છે ત્યારે તેની ઉપર રાજકારણ ગરમાયુ છે. સોમવારે તેને લઈને કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકર અને સીએમ કેજરીવાલ સામ-સામે આવી ગયા હતા. આ મુદ્દા પર જ્યારે કેન્દ્રીય પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકર સાથે વાત કરી તો, તેમણે દિલ્હી સરકારની નીતિઓને પ્રદૂષણ માટે જવાબદાર ગણાવી હતી.

તેમણે કહ્યુકે, CPCBએ જે એડવાઈઝરી રજૂ કરી રહી છે તેણે દિલ્હી સરકાર શું લાગૂ કરાવી રહી છે. દિલ્હી સરકારે ફક્ત ૧૫૦૦ કરોડ રૂપિયા જાહેરાતમાં જ ખર્ચ કરૂ દીધો પરંતુ કોઈ પગલાં ભરી રહી નથી. જાવડેકરનાં આ નિવેદન વિશે કેજરીવાલને પુછવામાં આવતા તેમણે કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું કે, અમે જાહેરાત પાછળ ખર્ચ કર્યો તો શું ખોટું કર્યુ. અમે લોકોને જાગૃત કર્યા, શું અમારે તે નહોતું કરવાનું? દિલ્હી સરકારની જાહેરાત માટે કુલ બજેટ ૧૫૦ કરોડ રૂપિયા છે. જેમાથી હજી પણ પૈસા બચેલાં છે.

# આરસીઈપીમાં ભારત સામેલ નહીં થાય

## ખેડૂતો, વેપારીઓ, ઉદ્યોગોના હિતોને ધ્યાનમાં લઇને મોટો નિર્ણય : આરસીઇપી સમજૂતિમાં ચીનની પ્રાથમિકતા દેખાઈ રહી હતી અને ભારતને નુકસાન થવાનો વ્યાપક ભય હતો : ઉદ્યોગ, અમૂલની ચિંતાની લેવાયેલ નોંધ

નવીદિલ્હી, તા. ૪

ભારતે ખુબ જ કઠોર નિર્ણય કરીને રિઝનલ કોમ્પ્રિહેન્સીવ ઈકોનોમિક પાર્ટનરશીપ (આરસીઈપી)માં સામેલ નહીં થવાનો નિર્ણય કર્યો છે. દેશના વ્યાપક હિતોને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે. ભારતના આ વલણથી ગરીબોના હિતોની સુરક્ષા થશે. સાથે સાથે આનાથી સર્વિસ સેક્ટરને પણ ફાયદો થશે. આ પહેલા ઉદ્યોગ જગતે પણ આ સમજૂતિને લઈને ચિંતા વ્યક્ત કરી હતી. ભારતે આ પાર્ટનર સમિટમાં ભારતીય સેવાઓને મૂડીરોકાણ માટે વૈશ્વિક બજારોને ખોલવાની જરૂરિયાત પર ભાર મુક્યો છે. મોદીએ કહ્યું છે કે, આરસીઈપી હેઠળ કોર હિતો સાથે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં. ભારતનું કહેવું છે કે, આરસીઈપી સમજૂતિ પોતાની મૂળ ભાવનાને દર્શાવવામાં નિષ્ફળ છે. આના પરિણામ સંતુલિત અને યોગ્ય દેખાઈ રહ્યા નથી. ભારતે આ સમજૂતિમાં કેટલીક નવી માંગો રજૂ કરી હતી.

● અનુસંધાન પાન-૩ પર




હાર્દિક અભિનંદન

શ્રી નરેશભાઈ દવે

પ્રમુખ, ગાંધીનગર જિલ્લા મંડપ એસોસીએશન

આપની ગાંધીનગર જિલ્લા મંડપ એસોસીએશનના પ્રમુખપદે થયેલ વરણીને અંતરના ઉમળકાથી વધાવીએ છીએ. ઉત્તરોત્તર આપની ગતિ-પ્રગતિ માટે અમારી હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ..

શુભેચ્છક

વિજયભાઈ પટેલ | ગુજન ઠક્કર
વિક્રમભાઈ પટેલ (શુભલક્ષ્મી ડેકોરેશન) | ધવલ ઠક્કર (વિલર ઓટોમોટીવ)
વૈભવ પટેલ (કેશવમોટર ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક) | કરણ રાવલ (રાવલ મંડપ)
સિદ્ધાર્થ રાવલ (શાન્તમ પાર્ટી પ્લોટ) | પવન પ્રજાપતિ (રૂદ્રાક્ષ ઈન્ટેરીયર)
સાહિલ પટેલ (શિતલ લાઈટ ડેકોરેશન) | સાવન પટેલ-સની પટેલ (G.S. Stage Craft)


# ‘મહા’ દિવ-પોરબંદર વચ્ચે ત્રાટકી શકે

## પ્રતિકલાક ૮૦થી ૯૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના : ગુજરાતના દેવભૂમિ દ્વારકા, ભરુચ, વડોદરા, વલસાડ, પોરબંદર, અમરેલી, ગીરસોમનાથ, સુરતમાં ભારે વરસાદની સંભાવના : નાગરિકોનું સ્થળાંતર કરાશે

અમદાવાદ,તા. ૪

ગુજરાત પર મહા વાવાઝોડાનું સંકટ હજુ પણ તોળાઈ રહ્યું છે. જેને લઈને તંત્ર સંપૂર્ણપણે એલર્ટ છે. બેઠકોનો દોર ચાલી રહ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ મહા વાવાઝોડું આવતીકાલથી લઈ ૭મી નવેમ્બર વચ્ચે રાજ્યના દિવ-પોરબંદર નજીક ત્રાટકી શકે છે. હાલ પ્રતિકલાક ૨૨૦ કિ.મી.ની ઝડપે આ વાવાઝોડું આગળ વધી રહ્યું છે પરંતુ તેની તીવ્રતા આગામી દિવસોમાં ઘટી જવાની સંભાવનાઓ પ્રબળ છે.

હાલ વેરાવળથી ૬૮૦ કિ.મી. દિવ થી ૭૩૦ કિ.મી. અને પોરબંદરથી ૬૫૦ કિ.મી.ના અંતરે દરિયામાં છે. આગામી ૭ નવેમ્બરે આ વાવાઝોડું કલાકના ૮૦ થી ૯૦ કિ.મી. ઝડપે પવન સાથે દિવ-પોરબંદર વચ્ચે ગુજરાતમાં પ્રવેશ કરશે. આ સંભવિત વાવાઝોડાની અસરને કારણે રાજ્યના દરિયા કિનારાના સુરત, ભરૂચ, વડોદરા, વલસાડ, અમરેલી, પોરબંદર, ગીર-સોમનાથ, દેવભૂમિ દ્વારકા તેમજ અમદાવાદ, આણંદ, ભાવનગર જિલ્લાઓમાં વરસાદ થવાની પણ સંભાવનાઓ છે. ગુજરાતના માથે હાલ મહા વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યું હોઈ રાજય સરકાર અને તંત્ર દ્વારા અગમચેતીના તમામ પગલા અને તૈયારીઓ કરી રખાઈ છે.



જો કે, વળી પાછી મહા વાવાઝોડાએ તેની દિશા બદલી છે અને તે નબળુ પણ પડયુ હોવાનો દાવો હવામાન વિભાગે આજે કર્યો હતો. જો કે, હવે તા.૬ઠ્ઠીના બદલે તા.૭મી નવેમ્બરે વહેલી સવારે મહા વાવાઝોડુ દીવથી પોરબંદરના દરિયા કાંઠે ટકરાવાની શકયતા છે. અગાઉ મહા દીવથી દ્વારકા વચ્ચે ટકરાવાની વાત હતી પરંતુ વાવાઝોડુ અરબી સમુદ્રમાં પ્રચંડ ગતિએ આગળ વધી રહ્યું છે અને તેની દિશા પણ બદલાઈ રહી છે, તેથી હવામાન નિષ્ણાતો અને સરકારના અધિકારીઓ સતત તેની પર વોચ રાખી રહ્યા છે. બીજીબાજુ, મહા વાવાઝોડાની અસરના ભાગરૂપે રાજયમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે તો, દરિયાકાંઠાના જાહેરમાર્ગોને પણ ભારે વરસાદના કારણે નુકસાનીની દહેશત છે.

# કરતારપુરના નારોવાલ જિલ્લામાં ખૂલ્લેઆમ આતંકી શિબિરો ધમધમે છે

નવી દિલ્હી,તા. ૪

કરતારપુર કોરિડોરને શ્રદ્ધાળુઓ માટે ખોલી દેવા માટેની તૈયારી અંતિમ તબક્કામાં પહોંચી ચુકી છે. એક સપ્તાહના ગાળામાં જ ભારતીય શ્રદ્ધાળુઓ માટે આ કોરિડોરને ખોલી દેવામાં આવનાર છે. ચિંતા ઉપજાવે તેવા રહ્યા છે. શિખોના પ્રથમ ગુરૂ ગુરૂ નાનક દેવના પવિત્ર સ્થળ કરતારપુર ખાતે હવે કોરિડોર ખોલી દેવામાં આવનાર છે. આને લઈને તમામ તૈયારી પૂર્ણ કરી લેવામા આવી છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં અનેક ત્રાસવાદી કેમ્પો પહેલાથી જ સક્રિય રહ્યા છે. જેમાં



**પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં આતંકવાદી ગતિવિધિ : કરતારપુર કોરિડોરને ખોલવા માટેની તમામ તૈયારી થઇ**

મુરીદકે, નારોવાલ અને શાકરગઢનો સમાવેશ થાય છે. આ તમામ વિસ્તારોમાં ત્રાસવાદી કેમ્પો રહ્યા છે. કોરિડોરને શ્રદ્ધાળુઓ માટે એક વખત ખોલી દેવામાં આવ્યા બાદ હજારોની સંખ્યામાં શિખ શ્રદ્ધાળુઓ દર્શન માટે પહોંચનાર છે. આવી સ્થિતીમાં આ ગુપ્ત અહેવાલ ભારે ચર્ચા જગાવે તેવા અને ચિંતા ઉપજાવે તેવા છે.

જો કે હવે ખુબ ચોંકાવનારી માહિતી હાથ લાગી છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે જે જિલ્લામાં કરતારપુર આવે છે ત્યાં જ થોડાક અંતરે જ ત્રાસવાદી ગતિવિધીઓ ચાલી રહી છે. ગુપ્તચર સંસ્થાઓને જે હેવાલ મળ્યા છે તે ચોક્કસપણે ભારે

# મહારાષ્ટ્રમાં ટૂંકમાં જ નવી સરકાર : ફડનવીસ

નવીદિલ્હી, તા. ૪

મહારાષ્ટ્રમાં સરકારની રચનાને લઈને છેલ્લા ઘણા દિવસથી વાતચીત ચાલી રહી હોવા છતાં મડાગાંઠ અકબંધ રહી છે. ભાજપ અને શિવસેના ગઠબંધનને બહુમતિ મળી હોવા છતાં બંને પક્ષો મુખ્યમંત્રી પદને લઈને જિદ્દી વલણ અપનાવી રહ્યા છે જેના પરિણામ સ્વરુપે સરકાર રચવાની કવાયત અટવાઈ પડી છે. મહારાષ્ટ્રમાં સરકાર રચવાને લઈને છેલ્લા ૧૦ દિવસથી જારી હલચલ હવે દિલ્હી પહોંચી ચુકી છે. એકબાજુ દેવેન્દ્ર ફડનવીસે દિલ્હી પહોંચીને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે વાતચીત કરી હતી જ્યારે બીજી બાજુ એનસીપીના નેતા શરદ પવાર પણ દિલ્હી પહોંચીને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી સાથે વાતચીત કરી ચુક્યા છે.


વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫ | કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭

પ્રોડક્શન કંપનીના ભાવે

આકર્ષક લગ્ન કંકોત્રી

મેળવવાનું એક માત્ર સ્થળ

ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ

બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ, ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

